ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૧-૨૦૧૫, સોમવાર

તંત્રી સ્થાનેથી....

ભારતનું પ્રજાસત્તાક પર્વ અને ઓબામાનો 'રાજધર્મ'

દેશના પ્રજાસત્તાક પર્વને યાદગાર અને ઐતિહાસિક બનાવવાની હોંશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુનિયાની સૌથી જૂની લોકશાહી અને વિશ્વની સૌથી શક્તિશાળી મહાસત્તા અમેરિકાના હાકેમ બહાક હુસેન ઓબામાને નોતરું પાઠવીને માસ્ટર સ્ટ્રોક માર્યો છે. દેશની તમામ સૈન્ય તાકાતનું રાજપથ પર નિદર્શન કરવામાં આવશે. એમાં સૌથી વધુ ધ્યાનપાત્ર રહેશે ત્રણે પાંખોની મહિમા સૈન્ય અધિકારીઓની રોમહર્ષક પરેડ. ભારતની નારીશક્તિના આ પ્રદર્શનથી હવે ભારતીય નારી અબળા નહીં પરંતુ પ્રબળા તરીકે પ્રગટ થાય છે. નારીચેતનાની આ સદી પાછી ભારતની સદી પણ છે. દેશના દિલ જેવી દિલ્હીમાં એના પ્રતીક તરીકે પ્રથમ આપીએસ ઓફિસર કિરણ બેદીને મુખ્યમંત્રી પદના ઉમેદવાર બનાવીને મોદીએ એક માસ્ટર સ્ટ્રોક મારવાનો પ્રયાસ કર્યો છે. વર્ષો પૂર્વે ઇન્દિરા ગાંધી જયારે દેશનાં કર્ણધાર હતા. ત્યારે પ્રજાસત્તાક પર્વે પ્રજાસત્તાક પર્વની પરેડ વખતે એકલે હાથે શીખ આતંકવાદીઓને હાંકી કાઢેલા, તેની યાદ આવ્યા વિના નહીં રહે. ઇન્દિરા ગાંધીએ યુવાન મહિલા આઇપીએસ અધિકારીને નાસ્તા માટે નિમંત્રિત કર્યાં હતા. કિરણ બેદીની આત્મકથા 'આઇ ડેર!' - 'પડકાર' (અનુવાદ - ડો. કેશુભાઇ દેસાઇ)નો પ્રારંભ જ આ પ્રસંગથી થાય છે. ઓબામા દેખીતી રીતે આ બધી વાતોથી પ્રભાવિત થશે અને ફર્સ્ટ લેડી મિશેલ કદાચ આ બધું જોઇને નાચી ઊઠશે. દિલ્હીના ઇંડિયા ગેટ પર શહીદ સૈનિકોની 'અમર જવાન જયોતિ'ને અંજલિ અપાશે. નરેન્દ્ર મોદી માટે આ પ્રસંગ યાદગાર બની રહેશે. એરપોર્ટ પર પ્રોટોકોલ તોડીને દોડી ગયેલા નરેન્દ્ર મોદીને ભેટેલા ઓબામા હાફિઝ સઇદ અને દાઉદ ઇબ્રાહિમ જેવા હિન્દુસ્તાનના દુશ્મનોને ભારતમાં મોકલી આપવા પાકિસ્તાન પર દબાણ કરે તો તો ઠીક, નહિંતર આ વિવેક વધુ પડતો જ લેખાશે. નરેન્દ્ર મોદી અમેરિકા ગયા ત્યારે ઓબામા, એમને તેડવા એરપોર્ટ પર નહોતા ગયા. પ્રેમના પ્રતીક સમા તાજમહાલની મુલાકાતે જવાનું મિશેલનું સપનું ઓબામાના 'રાજધર્મ' સંદર્ભે રોળાઇ જવા પામ્યુ છે. હવે આગરા જવાને બદલે તેઓ બારોબાર દિલ્હીથી સાઉદી અરેબિયાના શેખની અંતિમવિધિમાં હાજરી આપવા પહોંચી જશે. અમેરિકા માટે તાજમહાલ કરતાં સાઉદી અરેબિયાના તેલ કૂવા વધારે મહત્ત્વનાં છે. ઇસ્લામિક રાષ્ટ્રોના આસ્થાકેન્દ્ર સમું મક્કા સાઉદી અરેબિયામા જ આવેલું છે અને યાદ રહે કે ઓબામામાં મુસલમાન બાપનું લોહી વધે છે. ઓબામાને હિન્દુસ્તાન અને સાઉદી અરેબિયા વચ્ચે પસંદગી કરવાનું કહેવામાં આવે તો સ્વાભાવિક રીતે જ એમની 'પેટ્રોલ ગરજ' એમને 'રાજશાહી' અરેબિયાની તરફેણ કરવા મજબૂર કરશે. અમેરિકા એટલે નર્યો ભૌતિકવાદી દેશ; તેને લાગણીનાં ચશ્માંથી જોવાની ભૂલ ભારતને ભારે પડી શકે છે!

મતદાનથી અળગા રહેતા વર્ગની ઉદાસીનતા તોડવાની જરૂર : રાજ્યપાલશ્રી

ચૂંટણી પ્રક્રીયામાં સમય મુજબ સરળીકરણ થવુ જોઈએ : નવા મતદારોને પી.વી.સી. ઓળખકાર્ડ અપાશે : મુખ્ય ચૂંટણી અધિકારી : રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી અન્વયે શ્રેષ્ઠ ચૂંટણી કામગીરી બદલ અધિકારીઓનું સન્માન

ગાંધીનગર, તા. ૨૫

આજે દેશની લોકશાહીના મામલે ચર્ચા-વિમર્શ કરતા લોકો મતદાન કરવા જતા નથી ત્યારે આવા નાગરિકોની ઉદાસીનતા તોડવાની જરૂર છે. લોકતંત્રમાં લોકશિક્ષણનુ કામ મહત્વનું છે. રાજનીતિક દળોએ ભેગા થઈ દુનિયામાં ચાલતી ચૂંટણી પદ્ધતિનો અભ્યાસ કરી દેશની ચૂંટણી પ્રક્રીયાને વધુ બહેતરીન બનાવવા પ્રયાસ કરવો જોઈએ. ચૂંટણીમાં પહેલા જેવા ખર્ચા થતા નથી. દેશની ચૂંટણી સંચાલન પ્રણાલીમાં પણ જરૂરી સુધાર લાવવા પણ રાજ્યપાલ ઓ.પી. કોહલીએ નિર્દેશ કર્યો હતો. પાંચમા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી દરમિયાન મુખ્ય ચૂંટણી અધિકારી અનિતા કરવાલે જણાવ્યું હતું. ચૂંટણી કમિશન દ્વારા સરળ નોંધણી અને નામમાં જરૂરી સુધારના થીમ સાથે મતદારોને નવુ પી.વી.સી. ઓળખકાર્ડ આપવાનુ પણ કામ હાથ ધરાશે. જ્યારે નવા મતદારોને આ નવી પેટર્નનું વોટર આઈ.ડી. જ અપાશે.

> ગુજરાતના જાણીતા ક્રિકેટર અને ગુજરાત રાજ્ય ચૂંટણી પંચના બ્રાન્ડ એમ્બેસેડર ચેતેશ્વર પુજારાએ આજે ગાંધીનગર ખાતે આયોજીત રાજયકક્ષાના રાષ્ટ્રીય મતદાન દિવસમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ચેતેશ્વર પુજારાએ ક્રિકેટની કોઈપણ વાત કર્યા વગર દેશના યુવાનોને લોકતંત્રમાં ભાગીદારી કરવા અને મતદાનની પ્રક્રિયામાં જોડાવવા સંદેશ આપ્યો હતો. જે યુવાને મતદાન ઓળખકાર્ડ ન કઢાવ્યુ હોય તો તુરંત કઢાવી લેવા અનુરોધ પણ કર્યો હતો.

> રેડિયો મિર્ચીના આર.જે. બ્રાન્ડ એમ્બેસેડર ધ્વનિલ ઠાકરે પણ પોતાની રેડિયો જોકીની સ્ટાઈલમાં દેશના મતદારો અને ખાસ કરીને યુવાનોને મતદાન પ્રક્રિયામાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો અને વિવિધ સોશ્યલ મીડીયાના માધ્યમથી વધુને વધુ મતદાન જાગૃતી ફેલાવવા પણ જણાવ્યું હતું.

આયોજન કરવામાં આવ્યું છે. મતદારોની રૂચિ ચૂંટણીમાં વધી છે ત્યારે મોટા દેશમાં લોકતંત્રને નિભાવવાનુ અને ચૂંટણી પ્રક્રીયાનુ કામ ચુનોતીરૂપ છે. ૮૪ કરોડ મતદાતાઓની નોંધણી મુજબ ૫૬ કરોડે મતદાન કર્યુ હતું. જેમાં મહીલાઓની સંખ્યા વિશેષ ૨૬ કરોડ છે. ૧૯૫૨માં પ્રથમ ચૂંટણી થયા બાદ ચૂંટણી પંચાયતની પ્રણાલીમાં પણ જરૂરી બદલાવ થઈ રહ્યા છે. ચૂંટણી પ્રક્રીયાને સમયને અનુરૂપ સુધારી-સરળીકરણ થાય તે પણ જરૂરી છે. આ તબક્કે મુખ્ય ચૂંટણી અધિકારી અનિતા કરવાલે પણ જણાવ્યું હતું કે ચૂંટણી પંચે હવે પી.વી.સી. ઓળખકાર્ડ આપવાનુ નક્કી કર્યુ છે. આ કોઈ સ્માર્ટકાર્ડ નથી. જેમાં સલામતીના પરિબળોને ધ્યાને લેવામાં આવ્યા છે. આ અન્વયે જુનુ વોટર આઈ.ડી. બદલાવી પણ શકાશે. જ્યારે નવા મતદાતાઓને પી.વી.સી. કાર્ડ જ આપવામાં આવશે. રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ, યુવા મતદાર મહોત્સવના વિજેતાઓ ઉપરાંત એક ફીલ્મમાં મહત્વની ભૂમિકા અદા કરનારા યુવાઓને પણ રાજ્યપાલના હસ્તે શાલ તેમજ પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી દરમિયાન ક્રિકેટ પ્લેયર ચેતેશ્વર પુજારા, રેડીયો જોકી આર.જે. ધ્વનિલ, એડીશ્નલ સી.ઈ.ઓ. અશોક માણેક, જિલ્લા કલેક્ટર રવિશંકર સહીત અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સે. ૧૨ સ્થિત સિવિલ હોસ્પિટલના હોલમાં આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી અન્વયે રાજ્યપાલ ઓ.પી. કોહલીએ જણાવ્યું હતુ કે આ ઉત્સવ અન્વયે મતદાતાઓની મતદાનની પ્રક્રીયામાં ભાગીદારી વધારવા

ચૂંટણી કામગીરી કરનાર સન્માનિત અધિકારી/કર્મચારી

- વિનોદ તતવાણી	- પ્રદિપ સેજુલ	- એસ.જે. ખાચર	- એન.જે. રાણા
- આશીષ ભાટીયા	- નિપૂર્ણા તોરવણે	- ભરત પરમાર	- પ્રદિપ વસાવા
- નરસિમ્હા કોમર	- ડી.બી. વાઘેલા	- બી.એસ. પ્રજાપતિ	- એમ.એન. વાઘેલા
- ડી.બી. વાઘેલા	- સી.એ. ગાંધી	- એચ.એમ. જાડેજા	- ગુલાબ પટેલ
- વિકાંત પાંડે	એન.એફ. ચૌધરી	- એન.એચ. મોદી	- મિલન શાહ
- ડૉ. રાજેન્દ્રકુમાર	ડી.આર. પટેલ,	- આર.આર. ગરોદ	- એસ.બી. પટેલીયા
- અવંતિકાસિંઘ ઔલખ	આઈ.આર. વાળા	- કે.સી. વલવી	- સુશ્રી જીજ્ઞાસા ગઢવી
- એમ.એ. ગાંધી	- કે.એસ. ગેહલોત	- કિરણ ચૌધરી	- એન.જે. માલવીઆ
- રાકેશ શંકર			- એમ.એચ. પટેલ

આ 'શહેર' ક્યારે મનસૂબા ઉથલાવે કોના ચહેરા ચિપકાવે, કહેવાય નહીં

૬૭ વર્ષમાં માત્ર છ અમેરિકન પ્રેસિડેન્ટ ભારતની યાત્રાએ આવ્યા છે : કચ્છની અલગ વાયબ્રન્ટ સમિટમાં ૧૦ દેશોના ડિલેગ્ટ્સ હાજર રહેશે : હેરિટેજ સિટી દ્વારકામાં અંડરગ્રાઉન્ડ મ્યુઝિયમનો પ્રોજેકટ ક્યાં ગયો...?!!

કવિ રમેશ પારેખ લખે છે કે- આ શહેર તમારા મનસૂબા ઉથલાવી દે, કહેવાય નહી. ચહેરા પર બીજો ચહેરો ચિપકાવી દે કહેવાય નહી... ટાવર ધબકે રસ્તા ધબકે અરધો પરધો માણસ છબકે, કોનો ધબકારો કોણ અહી અટકાવી દે કહેવાય નહી... કવિએ સરસ પંક્તિઓ લખી છે. ગાંધીનગર સાથે તે બંધ બેસે તેવી છે. આ શહેરમાં ક્યારે શું થાય તે કહેવાય નહી. ક્યારે ચીફ મિનિસ્ટર બદલાય, ક્યારે ક્યા અધિકારીની ક્યાં ટ્રાન્સફર થાય, ક્યારે કોના માટે સરકારી નિયમો બને, ક્યારે કોના માટે લાલ જાજમ બિછાવાય અને ક્યારે કોને ન્યાય મળે તે કહી શકાય તેમ નથી. આમ કરતાં કરતાં ગાંધીનગર ૫૦ વર્ષનું થવા આવ્યું છે. રાજમાર્ગો સિનિયર સિટીજન જેવા બની ચૂક્યા છે. લોકો પીઢ થતાં જાય છે અને ઠેક ઠકાણે યુવાનીનો તરવરાટ ઉભરાય છે...

ટ્વિટરમાં હવે લેગ્વેજ ચેન્જ થશે ...

તમે ટ્વિટરનો યુઝ કરો છો પણ તમને માત્ર ગુજરાતી અને હિન્દી ભાષા જ આવડે છે, અન્ય ભાષા આવડતી નથી તો ચિંતા કરશો નહી. હવે ટ્વિટર ઉપરની તમામ ભાષાઓ તમે જાણી શકશો અને ટ્વિટ કરી શકશો. વિશ્વની ભાષાઓ જેવી કે અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મની, ચાઈનિઝ, જાપાનીઝ સહિતની ભાષાઓની ઓળખ આપતી ટ્રાન્સલેશનની સુવિધા ટ્વિટર ઉપર આવી જશે, કારણ કે ટ્વિટરે માઈક્રોસોફ્ટના સર્ચ એન્જીન બીંગ સાથે કરાર કર્યો છે. સિસ્ટમ -માણે ફ્રેન્ચ ભાષામાં થયેલી ટ્વિટના ગ્લોબલ આઈકોનમાં ટેપ કરવાથી આ એન્જીન ટ્વિટનું ટ્રાન્સલેશન કરી આપશે કે જેથી તમે તેને આસાનીથી વાંચી શકશો. ટ્વિટર ઉપર ૪૦ ભાષાઓમાં ટ્વિટ કરવાનો વિકલ્પ મોજૂદ છે...

સરકારમાં સલાહકારોની અછત ...

કહેવાય છે કે ગુજરાત સરકારમાં સલાહકારોની અછત વર્તાય છે. સરકારને સલાહ આપનારા નિષ્ણાંતો ઓછા થઈ ચૂક્યા છે. ભૂતકાળની સરકારોમાં ત્રણ ત્રણ સલાહકારો સચિવાલયની અલાયદી ચેમ્બરમાં બેસતા હતા. આજે માત્ર એક જ જળ સલાહકાર નવલાવાલા સરકારમાં ફ્રી ઓફ કોસ્ટ સલાહ આપે છે. ખરા અર્થમાં તેઓ જળ સલાહકાર છે. ગુજરાતની વોટરને લગતી બાબતોમાં તેમના અભિ-ાય અનુભવસિદ્ધ સાબિત થાય તેવા છે. એમના સિવાય બીજા કોઈ ઓફિસિયલ સલાહકાર નથી. રાજય સરકાર ધારે તો ભારત સરકારની જેમ ઈકોનોમિસ્ટ, ટેકનોક્રેટ, એજયુકેશનાલિસ્ટ સહિતના એડવાઈઝર લઈ શકે તેમ છે...

વિશ્વની મહાસત્તાના છ સિતારા...

વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ તરીકે જેની ગણના થાય છે તે ભારત દેશમાં આઝાદીના આટલા વર્ષો પછી અમેરિકાના માત્ર છ પ્રેસિડેન્ટે યાત્રા કરી છે, જયારે ભારતના તમામ -ાઈમ મિનિસ્ટર યુએસની યાત્રા કરી ચૂક્યા છે. એકમાત્ર બરાક ઓબામાએ ભારતની યાત્રા બે વખત કરી છે. પહેલીવાર તેઓ ૨૦૦૯માં આવ્યા હતા જયારે ડો.મનમોહનસિંહ વડા-ધાન હતા. બીજીવાર તેઓ ૨૦૧૫માં આવ્યા છે જયારે નરેન્દ્ર મોદી વડા-ધાન છે. ૧૯૬૩માં જયોન એફ કેનેડી, ૧૯૬૯માં રીચર્ડ્સ નિકસન, ૧૯૭૮માં જીમી કાર્ટર, ૨૦૦૦માં બીલ ક્લિન્ટન, ૨૦૦૬માં જયોર્જ ડબલ્યુ બુશ અને નવેમ્બર-૨૦૦૯માં બરાક ઓબામા ભારતની યાત્રાએ આવ્યા હતા. ભારતના પહેલા વડા-ધાન જવાહરલાલ નહેરૂ ૧૯૪૯માં અમેરિકાની યાત્રાએ ગયા હતા અને નરેન્દ્ર મોદી પહેલીવાર વડાપ્રધાન બન્યા પછી અમેરિકાની સત્તાવાર યાત્રાએ ગયા હતા. આ પળ આપણા માટે યાદગાર બની છે.

હાશ, હવે ગિરનારને રોપ-વે મળશે ...

ભારત સરકારની હાઈ લેવલ એન્વાયર્નમેન્ટ મિનિસ્ટ્રી પેનલે ગિરનારના રોપ-વે ને આખરી મંજૂરી આપી દીધી છે. ગિરનાર એ ગુજરાતનો ઉંચો પર્વત છે. કેન્દ્રએ ૨૦૧૧માં ગિરનારને રોપ-વે માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી પરંતુ આખરી મંજૂરી માટે ગુજરાતને ચાર વર્ષ સુધી રાહ જોવી પડી છે. હવે રોપ-વે વિરૂદ્ધની તમામ અડચણો દૂર થઈ છે એટલે દોઢ વર્ષના ગાળામાં એશિયાનો સૌથી મોટો પ્રોજેક્ટ યાત્રાળુઓ માટે ખુલ્લો મૂકી શકાશે. રાજય સરકારે સપ્ટેમ્બર-૧૯૯૯માં -થમવાર કેન્દ્રમાં રોપ-વે માટે રજૂઆત કરી હતી પરંતુ પર્યાવરણ તેમજ ગીદ્યની વસતિને જોખમ હોવાના કારણોને લઈને અવાર નવાર આ પ્રોજેક્ટ વિવાદમાં સપડાયો હતો. જો સરકારે ૧૯૯૫ થઈ ૨૦૦૮માં ગાળામાં આ પ્રોજેક્ટ પૂર્ણ કર્યો હોત તો કેન્દ્રની મંજૂરીની કોઈ આવશ્યકતા ન હતી પરંતુ મે-૨૦૦૮માં કેન્દ્રએ ગિરનારને વાઈલ્ડલાઈફ સેન્ચ્યુરી જાહેર કરતાં ોજેક્ટ ટલ્લે ચઢ્યો હતો...

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

એઇમ્સ રાજકોટને મળવાની શક્યતા...

ભારત સરકારના આરોગ્ય મંત્રાલયની એક ટીમ રાજકોટ અને વડોદરાની મુલાકાત લઈ ચૂકી છે. આ ટીમ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સર્વિસિઝની સ્થાપના માટે આવેલી છે કે જેની જાહેરાત ભારત સરકારે કરી છે. આ ટીમે રાજકોટમાં મોટવડા તેમજ ખન્ડેરી ગામની વિઝિટ કરી છે. ત્યારબાદ આ ટીમ વડોદરાની વિઝિટે ગઈ હતી. જો કે રાજકોટ જિલ્લા વહીવટીતંત્રએ બન્ને સાઈટમાં ૨૦૦ એકર જમીન એન્માર્ક કરી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સૂત્રો તરફથી જાણવા મળ્યું છે કે એઈમ્સનું મથક રાજકોટમાં સ્થપાશે. આ ટીમે પ્રાથમિક સુવિધાઓ જેવી કે પાણી, વીજળી અને માર્ગ કનેક્ટિવિટીનો સર્વે કર્યો છે...

મારૂતી કાર પ્રોજેક્ટનું કામ હવે શરૂ થશે ...

અમદાવાદ પાસેના હાંસલપુર સ્થિત લોકેશન ઉપર સુઝુકી મોટર કોર્પોરેશન ૪૦૦૦ કરોડનો કાર મેન્યુફેક્ચરીગનો પ્રોજેક્ટ શરૂ કરી રહ્યું છે. આ પ્લાન્ટનું કામકાજ ૨૮માં જાન્યુઆરીએ શરૂ થશે જે ૨૦૧૭માં પૂર્ણ થવાનો દાવો કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટમાં એક વર્ષમાં ૧.૫૦ લાખ કાર બનશે. ગુજરાતના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ અને ફાયનાન્સ મિનિસ્ટર સૌરભ પટેલ ફાઉન્ડેશન સ્ટોન -સંગે ઉપસ્થિત રહેવાના છે. મારૂતી કારના પ્રોજેક્ટ માટે કંપનીએ ૨૦૧૨માં રાજય સરકાર સાથે એમઓયુ સાઈન કર્યા હતા. એ વખતે કંપનીનું નામ મારૂતી સુઝુકી ઈન્ડિયા લિમિટેડ હતું પરંતુ કંપનીએ હવે નામ બદલ્યું છે. આ પ્રોજેક્ટ બેચરાજી પાસેના હાંસલપુરની ૭૦૦ એકર જમીનમાં બની રહ્યો છે...

● અનુસંધાન પાના - ૭ પર

સ્પર્ધાત્મક પરીક્ષાઓના માર્ગદર્શન માટે સીવીએમ ૨૯ જાન્યુઆરીએ યોજશે 'નવોન્મેષ-૨' કાર્યક્રમ

વલ્લભવિદ્યાનગર, તા. ૨૫

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એચ.એમ. પટેલ કેરિયર ડેવલપમેન્ટ સેન્ટર (સીડીસી) અને સીવીએમ આઈએએસ એકેડેમીના ઉપક્રમે આવતા ગુરૂવાર, તા. ૨૯ જાન્યુઆરીએ સવારના ૧૦.૩૦ થી બપોરના ૩.૩૦ દરમિયાન બીવીએમ ઓડિટોરિયમ ખાતે આઈએએસ, આઈપીએસ, આઈઆરએસ સહિતની યુપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શનનો કાર્યક્રમ 'નવોન્મેષ-૨' યોજવામાં આવશે. આ વખતે આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાતના ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ(આઈજીપી) અને વરિષ્ઠ આઈપીએસ અધિકારી શ્રી પ્રવીણ સિન્હા તેમજ માનવંતા મહેમાન તરીકે આણંદ જિલ્લાના પોલીસ અધિક્ષક અને આઈપીએસ અધિકારી શ્રી અશોકકુમારની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારની સરદાર પટેલ વહીવટી સંસ્થા (સ્પીપા)ના સંયુક્ત નિયામક અને સંયુક્ત સચિવ રહેલા શ્રી જે.એમ. આચાર્ય અને બીજા નવા આઈએએસ-આઈપીએસ-આઈઆરએસ અધિકારીઓ સહભાગીઓનું માર્ગદર્શન કરશે, એવું સીડીસી અને આઈએએસ એકેડેમીના નિયામક ડો. હરિ દેસાઈએ જણાવ્યું હતું.

ડો. દેસાઈએ વધુમાં કહ્યું કે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડો. સી.એલ. પટેલે ગયા વર્ષે સર્વ પ્રથમ 'નવોન્મેષ' કાર્યક્રમનું ૨૯ માર્ચ-૨૦૧૪ના રોજ બીવીએમ ઓડિટોરિયમમાં ઉદ્ઘાટન કરીને ગુજરાતની યુવાપેઢી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા અને સફળ થવા પ્રેરિત કરવા માટે સીવીએમના પ્રયાસો અંગે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. એ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મુખ્ય સચિવ રહેલા વરિષ્ઠ સનદી અધિકારી શ્રી પ્રવીણ ક. લહેરી તેમજ સ્પીપાના સંયુક્ત નિયામક અને સંયુક્ત સચિવ શ્રી આચાર્ય ઉપરાંત વિવિધ તજજ્ઞો અને જૂના તથા નવા સનદી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ જ પરંપરાને આગળ વધારીને અમોએ 'નવોન્મેષ-૨'નું આયોજન કર્યું છે એટલું જ નહીં ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી)ની પરીક્ષાઓ માટે સતત ત્રણ મહિના સુધી માર્ગદર્શન વર્ગો ગત જુલાઈથી શરૂ કર્યા હતા. હવે 'નવોન્મેષ-૨' પછી આઈએએસ માટેના માર્ગદર્શન વર્ગો યુપીએસસી તરફથી પ્રિલિમ્સ પરીક્ષા (ઓગસ્ટ-૨૦૧૫) સુધી ચલાવવામાં આવશે.

મૂર્તિ જયાં સરજાઈ રહી છે એક નવા ઈન્સાનની, ચાલો દોસ્તો, ખૂંદી વળીએ ધરતી હિન્દુસ્તાનની...

વિચારસભા
- નેહલ જયદીપ ગઢવી

સ્વાધીન અજય છે ભોમ અમારી,
મુક્ત અજય અમ સરિતા તીર,
ગિરી ગહવર ને ખીણ - કોતરો,
મુકત સદા અમ સાગર - નીર.
સ્વાધીન, અમે સ્વાધીન, સદા સ્વાધીન!
સ્વાધીન ખડાં અમ ધર જહીં રૂડાં,
જયાં સ્વાધીન સુખી સંસાર,
મુક્ત જહી અમ મા-વહુ-બેટી,
ખેલે મુક્ત જહીં અમ બાળ!
સ્વાધીન, અમે સ્વાધીન! સદા સ્વાધીન!
વંદન હો આ મુક્ત હવાને,
વંદન હો તુજ ને મા-ભોમ!
અમો જીવતાં મુક્ત તું નિત હો!
મુક્ત નભે જયાં સૂરજ - સોમ!

- ઝીણાભાઈ દેસાઈ, 'સ્નેહરશ્મિ'

પ્રજાસત્તાક દિનની ઉજવણી સમયે આપણે સૌ સ્વાધીનોના આ ગીતને આત્મસાત કરીને તેણે ગણગણીએ તો આ દિવસની કંઈક અનોખી ઉજવણી કરી શકીએ, આપણી આ માતૃભૂમિને આપણે સૌ ખરા હૃદયથી પ્રેમ કરીએ છીએ અને તેના પ્રત્યે સૌ-કોઈના મનમાં એક પૂજ્યભાવ પણ ચોક્કસ પણે રહેલો છે. પરંતુ, જોહાન ગયટે લખે છે કે તેમ,

''પ્રયત્ન કરવામાં હું કદી થાકું, સુખની એકાદ ક્ષણને વળગી રહેવા લલચાઉં, તો હું મરેલો જ છું. ઠરીઠામ બેસી જવાનું મને કદી મન થાય, તો હું ગુલામ જ છું. સ્વતંત્રતા કાજે રોજેરોજ લડી લેવા અને ફરી ફરીને તેને જીતવા જે સમર્થ હોય, તેઓ જ એને પાત્ર છે.''

માટે હવે સમય આવી ગયો છે યોગ્ય પાત્રતા કેળવવાનો!

દાદા ધર્માધિકારી કહે છે કે, ''નાગરિકો આપણો પ્રમાદશીલ છે, જે કાંઈ થવાનું હોય તેને માટે પોતાને લગીરે હાથપગ હલાવવા ન પડે તો સારૂં. એમતેમ બધું થઈ જવું જોઈએ, પરિણામે, નાગરિકે કાંઈ કરવાનું હોય તો માત્ર બે જ વસ્તુ - કાં તો ફરિયાદ, કાં તો માંગણી! આમાં આપણા તરૂણોયે અપવાદ નથી. બસ, એક જ નારો - અમારી માગણીઓ પૂરી કરો, અમારી ફરિયાદો દૂર કરો.''

આજે ભારત ખૂબ ઝડપથી વિકાસની દિશા તરફ દોડતો દેશ બન્યો છે. દેશનો આર્થિક વિકાસ ઉડીને આંખે વળગે તેવો છે પણ તેમ છતાં ઘણી બધી બાબતોમાં હજુ થોડા વધુ પ્રયત્નો કરવાની જરૂરિયાતની પણ એટલી જ અનિવાર્યતા જણાય છે. મનુષ્ય સતત પુરુષાર્થ કરતા રહેવાનું છે, જે પ્રયત્નશીલ છે, તે અથડાતા - પછડાતા પણ છેવટે પોતાના અસલ મુકામે પહોંચે જ છે. વચ્ચે કેવી ભૂલો થઈ, પતનો થયાં, એ મહત્ત્વનું નથી, અગત્યની બાબત એ છે કે મનુષ્યે ફર ઉભા થઈને સફરને ફરી રાખવાની છે, જે વ્યક્તિ સતત પુરુષાર્થ કરે એ અંતે જીવન સાફલ્ય પામીને જ રહે છે. અને આપણા દેશના તમામ નાગરિકોનો વિશાળ સમુદાય સાથે મળીને આ રીતે કાર્યરત બનશે ત્યારે ભારતને એક નવી સિદ્ધિઓ મેળવનાર દેશ તરીકે બિરાજમાન થતા કોઈ અટકાવી શકશે નહિ! કવિશ્રી ઉમાશંકર જોશી લખે છે કે તેમ, 'ઉતાવળ વિના, પરંતુ ક્ષણ એક જંપ્યા વિના' આપણે સતત ગતિમાન રહેવું પડશે! આજે આપણે બધા સ્વરાજની ખુલ્લી અને જીવંત હવામાં જીવી રહ્યાં છીએ. ભારતમાં વસતાં સૌ કોઈ નાગરિકો માટે સહુથી અગત્યની બાબત તો એ જ છે કે પારતંત્ર્યની અંધારી રાત વટાવીને આપણે સ્વરાજનો ઉદય જોઈ શક્યા. પરંતુ, કમનસીબે આજે દેશમાં જયાં જુઓ ત્યાં અસંતોષ દેખાય છે અને કેટલાંક નવ-યુવાનોને સ્વરાજની લડતને અનુભવનારા વૃદ્ધો પૂછે છે. 'શું દેશની આ સ્થિતિ માટે અમે સ્વરાજની લડત લડ્યા હતા?' આપણે સૌએ, લોકમાન્ય ટિળક અને ગાંધીજીએ કહેલી આ વાત જાણવી જોઈએ, એ સમયે સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડિયા વેજવૂડ બેન ભારતમાં આવ્યા હતા. ભારતના પ્રમુખ નેતાઓને એમને મળવા બોલાવ્યા, ત્યારે બેન મહાશયે લોકમાન્યને પૂછયું : 'તમે સ્વરાજ માગો છો. પણ તમે માનો છો કે સ્વરાજ મળવાથી તમે સુખી થશો? લોકમાન્ય ટિળકે દૂરંદશી, તેજસ્વી અને સાચો જવાબ આપ્યો : ના, સુખી તો આજે છીએ, પણ એવું સુખ અમને જોઈતું નથી. આજે અમને કશી ચિંતા નથી. આરામમાં છીએ. ભારતનું રક્ષણ તમે કરો છો. રાજય તમે ચલાવો છો. અમને એની હૈયાબળતરાં નથી. સ્વરાજ મળશે ત્યારે અમારાં દુઃકનો પ્રારંભ થશે. પણ એમાં જ અમે રાચીશું. વિઘ્નો આવશે એને પહોંચી વળતાં અમારું પૌરુષ કેળવાશે. અમે ભૂલો કરીશું તે સુધારતાં સુધારતાં જ અમે ઘડાઈશું. અમારે એ બધી હાડમારી જ જોઈએ છે.' આ સાંભળીને વેજવૂડ બેન સ્તબ્ધ થઈને ગાંધીજી તરફ વળ્યા. મીઠું હાસ્ય કરીને તેમને પૂછ્યું. 'અરે ગાંધી! તમે તો ધર્મ પુરુષ કહેવાઓ, સેવામૂર્ત છો. તમે આ રાજદ્વારી ક્ષેત્રમાં ક્યાં ફસાયાં?' ગાંધીજીએ ગંભીરતાથી જવાબ આપ્યો : 'તમારી વાત સાચી છે. પણ શું કરું? મારે તો અધર્મ સામે લડવું રહ્યું. હમણાં અધર્મ રાજદ્વારી ક્ષેત્રમાં ઘૂસ્યો છે. એટલે ત્યાં પહોંચીને અધર્મ સામે ઝુંબેશ ચલાવવી પડે છે.'

સ્વરાજ તો મળ્યું, પરંતુ હિંદની પ્રજામાં ગુલામી માનસ ખીલવવામાં જે શિક્ષણ પદ્ધતિનો સૌથી મોટો ફાળો રહ્યો તેવી શિક્ષણ પદ્ધતિમાં લગભગ કોઈ ફેરફાર આવ્યો નહિ, શિક્ષણમાં વૈભવો અને કુટેવોનું પ્રમાણ વધ્યું છે. આજનો યુવા-વર્ગ ચોમેરથી એક પ્રકારના દબાણ હેઠળ ભીંસાઈ રહ્યો છે. અને તેની એને પોતાને જ ખબર નથી. તેના જ્ઞાનતંતુઓ પર આક્રમણ થાય છે. સૌ પ્રથમ આક્રમણ છે ફિલ્મો અને જાહેર ખબરોનું : બીજું છે સ્વાદનું એટલે કે ચટાકેદાર ખાણી પીણીનું - મોર્ડન ભાષામાં કહીએ તો જંક ફૂડનું, ત્રીજું આક્રમણ છે કાનમાં સંભળાતાં ઘોંઘાટનું, કર્ણેન્દ્રિય પર એક સખત આક્રમણ થઈ રહ્યું હોય તેવું જણાય છે. ચોથું આક્રમણ છે સ્પીડ એટલે કે ગતિનું (બાઈક પર પૂરપાટ ઝડપે વાયુવેગે પસાર થતા યુવાનોને આપણે સૌએ જોયા જ છે) આ તમામ બાબતો આપણને વિચારતા કરી મૂકે છે કે શું આને કહેવાય સ્વતંત્રતા? શું આને કહેવાય સ્વાધીનતા? જો કે, આ તમામ બાબતો માટે માત્ર યુવાનો જ જવાબદાર છે એમ ન કહી શકાય, આપણે તેમના માટે એ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં નિષ્ફળ રહ્યા છીએ કે જે યુવા વર્ગને રાહ ચીંધી શકે. જેમ કે, સમાજે યુવા વર્ગને સૂર્યોદય, સૂર્યાસ્ત કે આકાશના રંગો જોતાં શીખવ્યું નથી, જેથી એ ફિલ્મ અને જાહેર ખબરની ચકાચોંધભરી માયાજાળમાં ફસાઈ જાય છે, તેમ કૃત્રિમ રંગો જો